# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૧૭ અંક : ૧ ૧૫-૯-૨૦૦૬ સળંગ અંક : ૧૯૨

સંપાદકો

પરમ પાઠક + મદન મોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + પ્રણવ દવે


## વન્દે માતરમ્

ચાંદની રાત છે. પ્રગાઢ વનમાંથી પસાર થતી એક કેડી છે. એના પરથી બે અલ્પપરિચિત માણસો ચાલ્યા જાય છે. એમાંનો એક છે સન્યાસી ભવાનંદ. થોડા સમય પહેલાં જ એણે પોતાના ગુરુનું એક મિશન પુરું કર્યું છે. અંગ્રેજો પાસેથી લૂટનો માલ પડાવી લીધો છે. મહેન્દ્ર નામના એક શ્રીમંતને અંગ્રેજોની ચુંગાલમાંથી છોડાવી લીધો છે. હવે ભવાનંદ એને પોતાના ગુરુના ગુપ્ત આશ્રમે લઈ જઈ રહ્યો છે. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધની આ વાત છે. બંગાળમાં મીર જાફરનું કુશાસન ચાલી રહ્યું છે. એના વતી કર ઉઘરાવવાનો ઈજારો અંગ્રેજો પાસે છે. એની સમક્ષ સમર્પિત સન્યાસીઓ તરફથી એક મોટો પડકાર ઊભો થાય છે.

ભવાનંદે હજુ થોડી પળો પૂર્વે જ એક અંગ્રેજ અફસરનું મસ્તક એની જ તલવારથી ધડથી જુદું કરી નાખ્યું છે. અત્યારે આ સન્યાસી ગીત ગાવું શરૂ કરે છે :

વન્દે માતરમ્
સુજલાં સુફલાં મલયજ શીતલામ્

એટલે ? વંદન કરું તુજને હે મા ! જલથી સભર, ફળથી સભર, દક્ષિણના વાયુથી શીતલ... લહેરાતી ફસલોથી શ્યામલ હે મા !

આ ગાન સાંભળતા મહેન્દ્રને નવાઈ લાગે છે. તે પૂછે છે : 'આ માતા કોણ છે ?' ભવાનંદ કશો જવાબ આપતો નથી. એ તો એની મસ્તીમાં ગાયા જ કરે છે :

શુભ્ર જ્યોત્સ્ના-પુલકિત-યામિની...
...
...
સુખદાં વરદાં માતરમ્...

ધવલ શુભ્ર જ્યોત્સ્નાથી તારી નિશા બને સુપુલકિત, પુષ્પાવૃત્ત તરુવૃંદોથી તું સદા રહી છે શોભિત, સુભગ હાસ્યને મધુર વાણીથી ભૂષિત સુખ વરસાવતી વરદાતા હે મા !

મહેન્દ્ર એને કહે છે : 'આ તો દેશ છે. આ મા તો નથી.' ત્યારે ભવાનંદ કહે છે : 'અમે કોઈ બીજી માને નથી માનતા. જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી. અમે કહીએ છીએ - જન્મભૂમિ જ જનની છે. ભવાનંદ આખું ગીત ગાય છે. ગાતાં ગાતાં એ રડવા લાગે છે.'

ભારત એ જમીનનો ટૂકડો નથી. નાળાં-પર્વતો-સમુદ્રોનો કોઈ ભાગ નથી કે નથી એ વાણીનો કો અલંકાર. પણ એ એક જીવંત માતા છે. આપણે સૌ તેના સંતાનો છીએ. આ દર્શન અહીં પ્રગટ્યું છે.

આ ગીત રચાયું છે ૧૮૭૫-૭૬ની કોઈ એક પળે. પરંતુ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની ૧૮૮૨માં પ્રકાશિત નવલકથા 'આનંદ મઠ'માં એ સ્થાન પામે છે. આનંદમઠ એ સત્યાનંદ નામના એક સન્યાસીએ સ્થાપેલો એક ગુપ્ત સંપ્રદાય છે. બંગાળના મીર જાફર નામના નિષ્ક્રિય, વિલાસી, પ્રજાપીડક રાજા સામે સશસ્ત્ર વિદ્રોહ કરવાનું આ સંપ્રદાયનું મિશન છે. આ સંપ્રદાય દેવીપૂજક છે. વન્દે માતરમ્ આ સંપ્રદાયનું પ્રેરણાગીત છે.

'આનંદમઠ'માં આ ગીત સ્થાન પામ્યું એના ત્રણ વર્ષ બાદ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપના થયેલી. ૧૮૯૬માં કોલકાતા ખાતે એનું એક અધિવેશન યોજાયું હોય છે. એમાં રવીન્દ્રનાથ ઠાકુર એનું ગાન કરે છે. ત્યાં ઉપસ્થિત હજારો શ્રોતાઓ ભાવવિભોર થઈ જાય છે.

૧૯૦૫માં લોર્ડ કર્ઝન બંગાળના ભાગલા પાડે છે. એનાથી સમગ્ર રાષ્ટ્રનો આત્મા જાગી ઉઠે છે. શ્રી અરવિન્દ જેવા રાષ્ટ્રભક્ત બરોડા કોલેજની પ્રોફેસરશીપ છોડીને આ લડતના એપીસેન્ટર એવા કોલકાતા પહોંચી જાય છે. 'વન્દેમાતરમ્' સામયિકના તંત્રી બને છે. નેશનલ કોલેજના આચાર્ય નિમાય છે. વન્દે માતરમ્ ગીતનો બંગાળી-સંસ્કૃતમાંથી તેઓ અંગ્રેજીમાં ગદ્યમાં અને પદ્યમાં અનુવાદ કરે છે. 'વન્દે માતરમ્'માં તેઓ લખે છે : 'રાષ્ટ્રને અને વિશ્વને સદાકાળને માટે જાગ્રત કરી દે એવો મહાન અને પુનર્જન્મ આપે એવો સંદેશ આપવાનો છે. ઈશ્વરે આ માટે શ્રીમુખ પણ પસંદ કરી દીધું છે.' શ્રી અરવિન્દને આ લખતી વખતે વન્દે માતરમ્ ગીત અભિપ્રેત હતું. ને એના મંત્રદષ્ટા કવિ હતા બંકિમચંદ્ર.

આ ગીતે સમગ્ર રાષ્ટ્રમાં પ્રચંડ પ્રાણશક્તિનો સંચાર કરી દીધો. અંગ્રેજ સરકાર એનાથી ગભરાઈ ગઈ. આ ગીત ગાવાની મનાઈ ફરમાવી દીધી. ૭ સપ્ટેમ્બર ૧૯૦૫માં વારાણસી ખાતે કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાયું હતું. એમાં રવીન્દ્રનાથ ઠાકુરના ભત્રીજી સરલાદેવી ઉપસ્થિત હતા. તેઓ એ સમયના સુખ્યાત સંગીતકાર હતાં. અધિવેશનમાં ઉપસ્થિત વિરાટ જનતા-જનાર્દને એમની પાસે વન્દે માતરમ્ ગવડાવવાનો સત્યાગ્રહ કર્યો. અધિવેશનના પ્રમુખ ગોપાળકૃષ્ણ ગોખલે પ્રજાનો મિજાજ પારખી ગયા. ને એ ઐતિહાસિક પળે આ ગીત ભારતના રાષ્ટ્રીય ગાન તરીકે સ્વીકૃતિ પામ્યું.

આ સપ્ટેમ્બરની સાતમી તારીખે આ મહાન ઘટનાની સોમી વર્ષગાંઠ આવી રહી છે. ત્યારે આપણે આપણા વામણા માનસિક ચક્કરોમાં ગૂંચવાયા કરવાને બદલે વન્દે માતરમ્નું ગાન કરીએ. રાષ્ટ્ર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ. ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે આપણને રાજકીય આઝાદી મળી. અને તે પણ કેવી ? ખંડિત. આપણે હજુ તો કેટકેટલી આઝાદી મેળવવાની બાકી છે. એ માટેની ઊર્જા આપણે આ રાષ્ટ્રમંત્રમાંથી મેળવીએ. જો આમ કરશું તો આપણી આ પળ ચિરંતન બની રહેશે.

- **પરમ પાઠક**

# Colleges in News

➤ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **એ. આર. પટેલ કોલેજ ઑફ ફાર્મસી અને જી. એચ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફાર્મસી**ને ભારત સરકારની સવૈધાનિક રીતે બનેલ સંસ્થા અખિલ ભારતીય ટેકનીકલ સંસ્થા પરિષદ(ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજ્યુકેશન), નવી દિલ્હીનાં ૧૯૮૭નાં કાયદાની પેટા કલમ ૧૦(યુ) હેઠળ બનાવાયેલ રાષ્ટ્રીય પ્રત્યાયન મંડળ (નેશનલ બોર્ડ ઑફ એક્રીડીટેશન) દ્વારા સંસ્થા ખાતે ચાલતાં બી.ફાર્મ (બેચલર ઑફ ફાર્મસી) તથા ડી. ફાર્મ (ડીપ્લોમા ઇન ફાર્મસી) અભ્યાસક્રમોને તા. ૨૭-૭-૨૦૦૬થી આગામી ત્રણ વર્ષ માટે પ્રત્યાયન દરજ્જો (એક્રીડીટેશન સ્ટેટસ) એનાયત કરવામાં આવ્યો છે.

કોઇ પણ સંસ્થાનો પ્રત્યાયન દરજ્જો એ દેશમાં જે તે સંસ્થાની ગુણવત્તા સભર શિક્ષણની ખાત્રી આપે છે. જે અખિલ ભારતીય ટેકનીકલ સંસ્થા પરિષદ, નવી દિલ્હી દ્વારા બનાવાયેલ રાષ્ટ્રીય પ્રત્યાયન મંડળની કમિટીના ઝીણવટભર્યા નિરીક્ષણ બાદ અને સંસ્થા ખાતે ઉપલબ્ધ સુવિધાઓની તથા ગુણવત્તાની ચકાસણી પછી ૧,૦૦૦ (એક હજાર) ગુણાંકમાંથી સંસ્થાએ મેળવેલ ગુણને આધારે આપવામાં આવે છે. સદર કમિટીનાં સભ્યોએ જાન્યુઆરી-૨૦૦૬માં સંસ્થાની મુલાકાત લીધી હતી.

ગુજરાત રાજ્યમાં આવેલી કોઇપણ ડીપ્લોમાં ફાર્મસી કોલેજને પ્રત્યાયન કરવામાં આવી હોય તેવી આ પ્રથમ જ સંસ્થા છે. જ્યારે ડીગ્રી ફાર્મસી કોલેજો પૈકી આવો પ્રતિષ્ઠિત દરજ્જો મેળવનાર આ સંસ્થા સમગ્ર રાજ્યમાં બીજી છે. આણંદ અને ખેડા જિલ્લામાં એ.આઈ.સી.ટી.ઇ.નાં કાર્યક્ષેત્રમાં આવતી બીજી કોઇ પણ કોલેજને પ્રત્યાયન કરવામાં આવેલ નથી. સંસ્થાનું નેતૃત્વ પ્રિન્સિપાલ તરીકે ડૉ. એ. કે. સલુજા કરી રહ્યા છે.

➤ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**ના પ્રથમ અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓના વાલીઓ માટે ૧૫,૧૬ જુલાઇના રોજ બે દિવસની કાર્યશિબિર યોજાઇ ગઇ. વાલી પોતાના બાળકોના મનોભાવો પ્રત્યે સભાનતા કેળવે આ આશયથી યોજાયેલી આ કાર્યશિબિરમાં કુલ ૩૦૦ જેટલા વાલીઓ જોડાયા હતા. શિબિરમાં શ્રી હિરેન વકીલે હાર્દરૂપ વકતવ્ય આપ્યું હતું.

આ જ કોલેજમાં ૧૫થી ૨૨ જુલાઇ દરમિયાન ‘ફાઇન આર્ટ્સ વીક’નું આયોજન થયું હતું. એમાં સર્વશ્રી કનુ પટેલ, મમતા પટેલ, કે.સી. પટેલ જેવા જાણીતા કલાકારોએ કોલાજ મેકીંગ, પોસ્ટર મેકીંગ, કલે મૉડેલીંગ, ગ્લાસ પેઇન્ટીંગ, રંગોળી, ઓન ધ સ્પોટ પેઇન્ટીંગ જેવા કૌશલ્યોનું પ્રશિક્ષણ આપ્યું હતું. આ તમામ કલા કૌશલ્યોની વિધિ સ્પર્ધાઓ અને એમાં પ્રસ્તુત ૧૫૭ જેટલી કલાકૃતિઓનું એક પ્રદર્શન પણ તા. ૨૮થી ૩૦ જુલાઇ દરમિયાન યોજાયું હતું.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**ના એન.સી.સી. કેડેટ્સે તાજેતરમાં વલ્લભ વિદ્યાનગર ખાતે યોજાયેલ કેમ્પમાં નોંધપાત્ર દેખાવ કર્યો હતો. કેમ્પમાં સમગ્ર વિદ્યાનગર ગ્રુપની કુલ આઠ બટાલિયનના ૪૬૦ કેડેટ્સ ઉપસ્થિત રહ્યાં હતાં. કેમ્પમાં ફાયરીંગ અને ઓબ્સ્ટેકલની સ્પર્ધાઓ યોજાઇ હતી. એમાં ઓબ્સ્ટેકલ્સ સ્પર્ધાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણે સ્થાન આણંદ કોમર્સ કોલેજના કેડેટ્સ હીરલ પઢિયાર, પ્રવીણ યાદવ અને વૈભવ ગૌરને પ્રાપ્ત થયા હતા. ઓબ્સ્ટેકલ (ગર્લ્સ)ની સ્પર્ધામાં પણ કોલેજની કેડેટ્સ અંજના ભોઇએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ કેમ્પમાંથી દિલ્હી મુકામે યોજાનારા થલ સેના કેમ્પ માટે બોઇઝ, ગર્લ્સ કેડેટ્સની પસંદગી થઇ હતી. એમાં કોલેજના ૮ વિદ્યાર્થીઓ અને ૫ વિદ્યાર્થિનીઓ સ્થાન પામ્યા છે. આ સિદ્ધિ હાંસલ કરનારા તમામ કેડેટ્સને શુભેચ્છાઓ.

આ જ કોલેજના એન.સી.સી. કેડેટ્સે ચાલુ વર્ષે B અને C પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. 'C' સર્ટીફિકેટ પરીક્ષામાં ૧૦માંથી ૯ અને 'B' સર્ટીફિકેટ પરીક્ષામાં ૨૨માંથી ૨૨ કેડેટ્સ ઉત્તીર્ણ થયા છે. સૌને અભિનંદન !

**આણંદ આર્ટ્સ અને આણંદ કોમર્સ કોલેજ**ના ઉપક્રમે ૧૨ જુલાઇના રોજ એન.સી.સી. બહેનો માટે એક અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં મુખ્ય મહેમાન તરીકે ૧૩ ગુજરાત બટાલિયન, વલ્લભ વિદ્યાનગરના કમાન્ડિંગ ઓફિસર લેફ. કર્નલ ડી. કે. મિત્રા ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પસ ડાયરેકટર પ્રો. આર.પી. પટેલ અને અન્ય મહાનુભાવો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વકતવ્ય લેફ. કર્નલ ડી. કે. મિત્રાએ આપ્યું હતું. એમણે એન.સી.સી.ની એક CD પણ દર્શાવી હતી.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન,** આણંદ દ્વારા ગુજરાતમાં આવેલ પૂરની વિનાશક પરિસ્થિતિના સંદર્ભમાં અસરગ્રસ્ત માનવ સમૂદાયને મદદ કરવાના આશયથી અંદાજે ૭૦૦ ફૂડ પેકેટ સ્ટાફ પરિવાર તેમજ કોલેજના તાલીમાર્થીઓના સંયુકત સહકારથી ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડૉ. જયંતિભાઇ રાણા, સ્ટાફ પરિવાર તેમજ કોલેજના મહામંત્રી ચૌહાણ રોબિન દ્વારા કલેકટર સાહેબશ્રી, આણંદને અર્પણ કરાયા હતા.

આ જ કોલેજ ખાતે વે-મેડ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગરના ડૉ. સુલભા નટરાજનું વ્યાખ્યાન યોજાઇ ગયું. ડૉ. સુલભા નટરાજે ૨૧મી સદીમાં શિક્ષકની ભૂમિકા અંગે કહ્યું હતું કે સાચો શિક્ષક એને જ કહેવાય જે બાલમંદિરથી લઇ ઉચ્ચ શિક્ષણમાં કોઇપણ સ્તરે ભણાવી શકે. તેમણે જણાવ્યું કે આજનો શિક્ષક વિદ્યાર્થીઓને સીધી માહિતી પૂરી પાડી તેમનો વિકાસ રૂંધે છે. સારા શિક્ષકે સીધી માહિતી વિદ્યાર્થીઓને પૂરી ન પાડતા વિદ્યાર્થીઓ સ્વતંત્ર રીતે શીખતા થાય તે માટેની પદ્ધતિઓ વર્ગખંડમાં અપનાવવી જોઇએ. તે માટે શિક્ષકે પોતે શું શીખવવું, કેવી રીતે શીખવવું અને ઉપલબ્ધ માહિતીનો કેવી રીતે ઉપયોગ કરવો તે શીખવું પડશે. શિક્ષકે માત્ર વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડવાની નથી પરંતુ પ્રેમ, હૂંફ અને અસરકારક શિક્ષણ દ્વારા એમનો વિકાસ કરવાનો છે.

આ જ કોલેજ ખાતે સરદાર પટેલ યુનિવર્સિટીના લોકવિજ્ઞાન કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે વિશ્વ વસ્તી દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે નિબંધ સ્પર્ધા અને પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ સ્પર્ધામાં સમગ્ર આણંદ જિલ્લામાંથી ૨૧૩ એન્ટ્રીઓ આવી હતી. પોસ્ટર સ્પર્ધામાં ૧૮ જેટલી કોલેજોમાંથી ૭૪ એન્ટ્રીઓ પ્રાપ્ત થઇ હતી. નિબંધ સ્પર્ધામાં આણંદ આર્ટ્સ કોલેજના સોનાલી એમ. પારેખ પ્રથમ વિજેતા જાહેર થયાં હતાં. બીજું સ્થાન એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનના સોનલ એસ. પઢિયારે અને ત્રીજું સ્થાન એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદના રેશ્મા એ વ્હોરાએ પ્રાપ્ત કર્યું હતું. પ્રોત્સાહન પુરસ્કાર સેમકોમ કોલેજ, વિદ્યાનગરના અમનદીપ સિંહને અને સરદાર પટેલ આર્ટ્સ કોલેજ, બોરીઆવીના પારૂલ એમ. બ્રહ્મભટ્ટને પ્રાપ્ત થયા હતો.

પોસ્ટર સ્પર્ધામાં આણંદ એજ્યુકેશન કોલેજના દીપિકાબહેન ધિવારને પ્રથમ સ્થાન, એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજના નિખિલ એન. પટેલને દ્વિતીય સ્થાન અને ત્રીજું સ્થાન એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, આણંદના રાજેન્દ્ર કોરડિયાને ફાળે ગયું હતું. એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગરના રક્ષા જે. મકવાણા અને વી. ઝેડ. કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગરના યોગિત જાનીને પ્રોત્સાહન પુરસ્કાર જાહેર થયા હતા.

વિજેતાઓને અભિનંદન !

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**ના વિદ્યાર્થીઓએ તા. ૨૯ મે ૨૦૦૬થી ૯ જૂન ૨૦૦૬ દરમિયાન ખેતીવાડી-આણંદ મુકામે ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી., વલ્લભ વિદ્યાનગર દ્વારા યોજાયેલ કેમ્પમાં ભાગ લીધો હતો.

કેમ્પ દરમિયાન યોજાયેલ વિવિધ પ્રવૃત્તિઓમાં કોલેજની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. જે પૈકી ફરમીના પઠાણે ઓબ્સ્ટેકલમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ. હેમરાશ શિનોરે મહેંદી હરિફાઇમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ફરમીના પઠાણ, નીતા રાસધારી, રેશ્મા રાસધારી, લતા રામાણી અને રૂહીના મલેકે મેપ રીડીંગ (ગ્રુપ)માં દ્વિતીય સ્થાન મેળવી શિલ્ડ પ્રાપ્ત કરેલ છે.

આ જ કોલેજની વિદ્યાર્થિનીઓ બિનલ શાહ અને વિજેતા થારવાની તા. ૧૭-૫-૦૬થી તા. ૨૯-૫-૦૬ દરમિયાન તામિલનાડુ ખાતે યોજાયેલ "Nilgiri Trek"માં જોડાયા હતા. ત્યાં આ બન્ને વિદ્યાર્થીનીઓએ ગ્રુપ સોંગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આ જ કોલેજની એન.સી.સી. કેડેટ્સ ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિનીઓ હેમા મિસ્ત્રી અને નીતા રાસધારી જ, ગુજરાત બટાલિયન એન.સી.સી., વલ્લભ વિદ્યાનગર તરફથી સહારા સ્કોલરશીપ માટે પસંદગી પામેલ છે.

દરેકને અંકે રૂા. ૧૨૦૦૦/-ની સ્કોલરશીપ એનાયત થયેલ છે.

➢ **બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય-એન્જિનિયરીંગ કોલેજ**માં અભ્યાસ કરતા બધા જ વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયાના પરીક્ષણ માટે બ્લડ કલેક્શન કેમ્પ તા. ૨૭-૭-૦૬ના રોજ યોજાઇ ગયો. આ અંગે જરૂરી માર્ગદર્શન તથા લોહી પરીક્ષણ માટે રેડક્રોસ સોસાયટી, અમદાવાદના સભ્યોની ટીમ સવારના ૯.૦૦થી સાંજના ૬.૦૦ સુધી હાજર રહી આશરે ૧૦૦૦ વિદ્યાર્થીઓને આવરી લીધા હતા.

➢ સરદાર પટેલ યુનિવર્સિટીની **એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન** ખાતે તાજેતરમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમ અંતર્ગત રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું. એમાં પ્રશિક્ષણાર્થીઓએ ૪૨ બોટલ જેટલું રક્તદાન કર્યું હતું. શિબિરનું ઉદ્‌ઘાટન કોલેજના આચાર્યશ્રી ડૉ. એન. આર. પટેલે દીપ-પ્રાગટ્ય દ્વારા કર્યું હતું. આ પ્રસંગે કરમસદ હોસ્પિટલની એ.ડી. ગોરવાલા લેબોરેટરી તથા કરમસદના લાયન્સ કલબના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, કારોબારી સભ્યો તથા ભાનુભાઇ પટેલે ખાસ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન એન. એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રી ડૉ. ડી. જી. પટેલે સંભાળ્યું હતું. જ્યારે રક્તદાન શિબિરનું વ્યવસ્થાપન કાર્ય પ્રાધ્યાપક ડૉ. ઉષાબેન ખેર, ડૉ. જે. બી. પટેલ તથા શ્રી કે. કે. પટેલે સંભાળ્યું હતું.

આ જ કોલેજ ખાતે તા. ૨૬-૭-૦૬ના રોજ કોલેજ પરિવાર અને એન.એસ.એસ.ના સંયુકત ઉપક્રમે કોલેજમાં ચાલતી વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ઇતિહાસ વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ, ડૉ. આર. પી. પંડ્યાનું ''ઇતિહાસ શિક્ષણ એક સામાજિક વિકાસ સંદર્ભ'' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. એમાં એમણે વિકાસમાં વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ઇતિહાસ શિક્ષણની છણાવટ કરી હતી અને અત્યારે વિવિધ કક્ષાએ ઇતિહાસના અભ્યાસક્રમમાં રહેલ ઊણપો અંગે અંગૂલિ નિર્દેશ કર્યો હતો. વધુમાં એમણે જણાવ્યું હતું કે, સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ઇતિહાસ વિભાગમાં હવે નવા અભ્યાસક્રમમાં ગ્રામીણ વિકાસ અને કૃષિ વિષયક ઇતિહાસ પર ભાર મૂકી ઇતિહાસ વિષયની નવી દિશા કંડારાઇ રહી છે.

આ જ કોલેજ દ્વારા બી.એડ્.ના તાલીમાર્થીઓને પાઠ માર્ગદર્શન મળે તે હેતુથી તૈયાર કરાયેલા પ્રશિક્ષણ સહાયક સંપુટનો વિમોચન સમારંભ તા. ૩૦-૬-૦૬, શુક્રવારના રોજ યોજાયો હતો. પ્રકાશક પ્રિ. ડૉ. એન. આર. પટેલ, ડૉ. ડી. જી. પટેલ અને ડૉ. બી. એન. પંડ્યા દ્વારા સંપાદિત આ વિશિષ્ટ માર્ગદર્શિકાનું વિમોચન કોલેજના ભૂતપૂર્વ પ્રાધ્યાપક ડૉ. એ. એમ. પટેલ સાહેબના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **વી. પી. સાયન્સ કોલેજ**ના રસાયણશાસ્ત્ર વિભાગમાં Recent Advances in Chemistry વિષય ઉપર બે દિવસના રાજ્યસ્તરીય સેમિનારનું આયોજન તા. ૧૮ અને ૧૯ જૂન, ૨૦૦૬ દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, પુના તથા ચારુતર

વિદ્યામંડળે અનુદાન આપ્યું હતું. આ પ્રસંગે પ્રમુખશ્રી તરીકે ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી ડૉ. સી. એલ. પટેલ તથા મુખ્ય અતિથિ તરીકે સેન્ટ્રલ સોલ્ટ મરીન એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ, ભાવનગરના ડેપ્યુટી ડાયરેક્ટર ડૉ. આર. વી. જસરા ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. આર. વી. જસરાએ હાર્દરૂપ વક્તવ્યમાં ગ્રીન કેમેસ્ટ્રીના વિવિધ પાસાઓની છણાવટ કરી હતી તથા ડૉ. સી. એલ. પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

સેમિનારમાં ગુજરાત રાજ્યના રસાયણશાસ્ત્રના ૧૬૨ અધ્યાપકો તથા પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સેમિનારને આઠ વિભાગમાં વહેંચવામાં આવ્યો હતો. જેમાં રસાયણશાસ્ત્રના તજ્જ્ઞોએ વિવિધ વિષયો જેવા કે ગ્રીન કેમેસ્ટ્રી, પીગમેન્ટસ, ગ્રુપ થીયરી, વર્ચ્યુઅલ વોટર, સ્પેક્ટ્રોસ્કોપી વગેરે વિષયો ઉપર વક્તવ્યો આપ્યા હતા. સેમિનારમાં ૨૧ સંશોધનપત્રોના ઓરલ તથા ૧૦ સંશોધનપત્રોના પોસ્ટર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા. જેના વિજેતાઓનું પારિતોષિકો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

➢ **સરદાર પટેલ બી.બી.એ. એન્ડ કોમર્સ એન્ડ આર્ટ્સ કોલેજ,બોરીઆવી**માં વાદવિવાદ સ્પર્ધાનું આયોજન થયું હતું. એમાં અર્પિત પરમાર પ્રથમ સ્થાને, કુલદીપ બીજા સ્થાને અને અચલ ભટ્ટ ત્રીજા સ્થાને વિજેતા ઘોષિત થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની સેવા સર્વશ્રી અનિલભાઇ પટેલ (આચાર્ય, ભારત હાઇસ્કૂલ, ઉત્તરસંડા), મનીષભાઇ (લક્ષ્મીનારાયણ હાઇસ્કૂલ) અને સુનિલભાઇ પંડ્યા (સરદાર પટેલ હાઇસ્કૂલ)એ આપી હતી. વિજેતાઓને અભિનંદન !

આ જ કોલેજમાં ભારતના ૬૦મા સ્વાતંત્ર્યદિનની ઉજવણીના ભાગરૂપે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## Faculty in News

➢ **Dr. H.V. Dedania** visited University of Leeds, UK as aCommonwealth fellow followed by London Mathematical Society (LMS) Fellow from September-2005 has joined back the Department in July 2006. He delivered invited lectures based on joint work with **Prof. S.J. Bhatt** at the Mathematics Departments of Glagow University, Lancaster University, University of Leeds and Oxford University. He also conducted research jointly with Prof. H.G. Dales and participated in North British Functional Analysis Seminars at Leeds, Harmonic Analysis Workshop at Edinburgh, British Mathematical Colloquium – 2006 and LMS Regional Meeting.

➢ **Prof. S.J. Bhatt** visited Fukuaka University, Fukuaka, Japan during May-June, 2006 as a Visiting Scholar. He conducted joint research with A. Inouae, Fukuaka University and Prof. H. Ogi, Fukuaka Institute of Technology.

➢ **Prof. S.J. Bhatt** and **Dr. A.H. Hasmani** delivered invited lectures in One-day Seminar on "Impact of Mathematics on Live Industrial Problems" held at G.H. Patel College of Engineering and Technology, Vallabh Vidyanagr on August 19, 2006. **Prof. S.J. Bhatt** also chaired a session in the seminar.

➢ **Mr. P.A. Dabhi** has cleared CSIR-NET-JRF second time. He has joined the Department as a lecturer.

## Departments in News

➢ **રસાયણશાસ્ત્ર વિભાગ**

રસાયણશાસ્ત્ર વિભાગમાં ચાલતી કેમીકલ સોસાયટીનો શુભારંભવિધિ તા. ૩ ઓગસ્ટ ૨૦૦૬ના રોજ કેમેસ્ટ્રી ઓડિટોરિયમમાં યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ચેમ્પિયન પેઇન્ટ્સ, વિઠ્ઠલ ઉદ્યોગનગરના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. મહેશભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભનું અધ્યક્ષસ્થાન કાર્યકારી કુલપતિશ્રી ડૉ. બી.જી. પટેલે શોભાવ્યું હતું.

મુખ્ય અતિથિ ડૉ. મહેશભાઇ પટેલે જીવનમાં પસંદગી અને સમાધાનોનું મહત્વ અનેક રમુજી દષ્ટાંતો વડે બતાવી સુખી જીવન જીવવા માટેનો માર્ગ ચીંધ્યો હતો. દરેક પોતાના અહંકારને મર્યાદિત કરીને જીવવા પ્રયત્ન કરે તો વિશ્વ ફલક પર કૌટુંબિક ભાવના જન્માવી શકાય તેવું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

સમારંભના અધ્યક્ષ ડૉ. બી.જી. પટેલે વિભાગની સિદ્ધિઓને બિરદાવી સૌ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને અભિનંદન આપ્યા હતા. રસાયણશાસ્ત્રના વિદ્યાર્થીઓને પેટ્રોલિયમ આધારિત ઇંધણની વધતી જતી કિંમતને ધ્યાનમાં લઇ તેનો શ્રેષ્ઠ વિકલ્પ વિકસાવવા માટે તેમણે દિશાસૂચન કર્યું હતું.

કાર્યક્રમના અંતે આભારવિધિ વિદ્યાર્થી પ્રતિનિધિ શ્રી વૈભવ પટેલે કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન અધ્યાપક ડૉ. કિરીટભાઇ એચ. પટેલે સંભાળ્યું હતું.

### ઈલેક્ટ્રોનિક્સ વિભાગ

પ્રમુખ સ્વામી ઈલેક્ટ્રોનિક્સ સાયન્સ ડિપાર્ટમેન્ટમાં નવા વિદ્યાર્થીઓને આવકારવાનો કાર્યક્રમ ૭ ઓગસ્ટ ૨૦૦૬ના રોજ યોજાઇ ગયો. આ કાર્યક્રમમાં મીડિયા સ્ટડીઝના વિદ્યાર્થીઓ તથા સ્ટાફને પણ સાંકળવામાં આવ્યા હતા. ઈલેક્ટ્રોનિક્સ વિભાગના વડા પ્રો. ડૉ. ડી. લક્ષ્મીનારાયણે વિભાગ અંગે સર્વસ્પર્શી માહિતી આપી હતી. અંતે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો હતો.

### Mathematics Department

The Department of Mathematics is awarded annual grant of Rs. 20 lakh from National Board for Higher Mathematics (NBHM), Department of Atomic Energy, Government of India, for the departmental library for the year 2006-07; with this - the total grant for departmental NBHM library is around Rs.1,40,00,000/-.

**Mr. Jaymin Patel** a student of M.Sc. has earned **NBHM Ph. D. Research Award** and he is also selected at Institute of Mathematical Sciences (Mat Science), Chennai. He was also a receipient of NBHM M.Sc. Scholarship during his PG studies.

**Mr. Rahul Mehta** a past student of the Department has recently cleared NET(L).

The Department warmly welcomes two Iraqi students **Mr. Ameer Abd Al-Hain Jabbar Ali Al** and **Mr. Lahib I. Z. al-saadi** who joined the Department for M.Sc. through Sardar Patel University International Students' Centre.

## Chair in News

**ભાઈકાકા અધ્યયન એકમ પ્રકલ્પ-ચેર**ના ઉપક્રમે તાજેતરમાં પ્રો. જશવંત શેખડીવાળાનું ''ભાઈકાકા અને વલ્લભ વિદ્યાનગર'' વિષય પર વકતવ્ય યોજાયું હતું. સરદાર પટેલ યુનિવર્સિટીના કા. કુલપતિશ્રી ભરતભાઈ જી. પટેલે અધ્યક્ષસ્થાન શોભાવ્યું હતું. પ્રો. શેખડીવાળાએ ભાઈકાકાને સફળ પુરુષ તરીકે ઓળખાવ્યા હતા. ગુજરાતે અર્વાચીનકાળમાં પેદા કરેલા દરબાર ગોપાળદાસ, સરદાર પટેલ, કનૈયાલાલ મુનશીની હરોળમાં એમણે ભાઈકાકાને મૂક્યા હતા. ભાઈકાકાના જીવનના અનેક ઓછા જાણીતા પાસાંઓ પર એમણે પ્રકાશ પાડ્યો હતો.

## લોકવિજ્ઞાન કેન્દ્ર

સરદાર પટેલ યુનિવર્સિટીના લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા ભૌતિક શાસ્ત્ર વિભાગમાં ''મુન લેન્ડીંગ એપોલો ૧૯૬૯''ની ૩૭મી જયંતિની ઉજવણી તા. ૨૧-૭-૨૦૦૬ના રોજ યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ચંદ્ર પર પ્રથમ માનવીના ઉતરાણને અનુલક્ષીને પાવર પોઈન્ટ દ્વારા વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. વકતા તરીકે અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ. કમલ નયન જોષીપુરાએ સેવા આપી. તેમણે તેમના વકતવ્યમાં સૌથી વધુ યાદગાર અને ઐતિહાસિક ઘટનાની જાણકારી આપી. પ્રારંભમાં તેઓએ ૧૯૬૦ના દાયકામાં વિશ્વમાં જે તણાવપૂર્ણ પરિસ્થિતિ હતી તેનો ચિતાર આપ્યો. આ પરિસ્થિતિને પરિણામે જગતભરમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની સ્પર્ધા ઉભી થઇ અને મુખ્યત્વે રશિયા અને અમેરિકા વચ્ચે અવકાશ યાત્રાની એક હોડ શરૂ થઇ. સચિત્ર વાર્તાલાપમાં વકતાએ આ મિશનના ત્રણ અવકાશ યાત્રીઓ નિલ આર્મસ્ટ્રોંગ, બઝ એલ્ડરીન અને માઇકલ કોલીન્સ ચંદ્રની ધરતી પર પ્રથમ પદાર્પણ કરતા આર્મસ્ટ્રોંગ બોલી ઉઠ્યા હતા મારા જેવા માટે આ એક નાનું પગલું છે, પરંતુ સમગ્ર માનવજાત માટે આ એક વિરાટ કદમ છે. વધુમાં આ વકતવ્યમાં સમગ્ર ચંદ્ર યાત્રાના વૈજ્ઞાનિક તેમજ સાહસપૂર્ણ પાસાંઓની ઝાંખી કરવામાં આવી. ચંદ્ર યાત્રાની કામગિરી આજથી ૩૭ વર્ષ પૂર્વે એવા સમયમાં કરવામાં આવી કે જ્યારે આજના જેવા કોમ્પ્યુટર અને સંચાર સાધનો વિકાસ પામ્યા ન હતા. ત્રણ પૈકીના બે અવકાશ યાત્રીઓ ચંદ્રની ધરતી પર લગભગ આઠ કલાક રહ્યા હતા અને તેમણે વૈજ્ઞાનિક કામગિરી બજાવી હતી. તેઓએ ચંદ્રની તસવીર લીધી અને ત્યાં અમેરિકન ધ્વજ સ્થાપિત કર્યો. ચંદ્રના ખડકના નમૂના એકત્ર કર્યા અને એક લેઝર રીફ્લેકટરની પણ ગોઠવણી કરી. આ સાધનની મદદથી ત્યારબાદ લેઝર કિરણોના પરાવર્તન પરથી ચંદ્ર અને પૃથ્વી વચ્ચેનું અતર અત્યંત ચોકસાઇપૂર્વક માપી શકાય. સમગ્રપણે લગભગ આઠ દિવસનો પ્રવાસ પૂર્ણ કરી આ અવકાશ યાત્રીઓની ટુકડી તા. ૨૪ જુલાઇ ૧૯૬૯ના રોજ પૃથ્વી પર સહી-સલામત પરત આવી.

આ કેન્દ્ર દ્વારા ''ભૌતિક વિજ્ઞાન છે અદ્‌ભૂત !'' વિષય આધારિત ટ્રેનીંગ કાર્યક્રમ તા. ૫-૮-૨૦૦૬ના રોજ આર્ટ્સ, સાયન્સ એન્ડ આર. એ. પટેલ કોમર્સ કોલેજ, ભાદરણ મુકામે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગરના માર્ગદર્શન પ્રમાણે માધ્યમિક શાળાના અને કોલેજના શિક્ષકો માટે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બોરસદ અને આંકલાવ તાલુકાની માધ્યમિક શાળાઓમાંથી ભૌતિક વિજ્ઞાનના શિક્ષકો સહભાગી થયા. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. આર. જી. પટેલે સૌનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ લોક વિજ્ઞાન કેન્દ્રના માનદ્ નિયામકશ્રી, ડૉ. એસ.જી. પટેલે કાર્યક્રમનો હેતુ તથા લોક વિજ્ઞાન કેન્દ્ર વિશે માહિતી આપી હતી. કાર્યક્રમમાં વિષય નિષ્ણાત તરીકે ભૌતિક શાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીના ડૉ. કે. એન. જોષીપુરા, ડૉ. પી. સી. વિનોદકુમાર, તથા રીટાયર્ડ

પ્રો. પી. ડી. પટેલ અને વી.પી. સાયન્સ કોલેજના ડૉ. રેખાબેન પટેલે સેવા આપી હતી. તેઓએ તેમના વકતવ્યમાં ભૌતિક વિજ્ઞાન અને આપણા જીવનને સાંકળતી બાબતોની ચર્ચા અને પ્રયોગો દ્વારા જરૂરી વાંચન સામગ્રી આપી હતી. નાના નાના જૂથમાં દરેક પ્રયોગોનું નિદર્શન કરી સમજાવવામાં આવ્યું હતું. પ્રયોગો જેવા કે સાદા વિદ્યુત પરિપથમાં વિદ્યુત માપન, પ્રકાશના ઉત્સર્જન અને પ્રકાશના રંગોમાં થતા ફેરફાર અંગે ડૉ. કે. એન. જોષીપુરાએ જાણકારી આપતાં સમજાવ્યું કે આકાશમાં તારાઓની વિવિધ અવસ્થાઓમાં પણ આવા રંગ બદલાતા હોય છે. પ્રો. પી. ડી. પટેલ સાહેબે રોજીંદા જીવનમાં વપરાતા સાધનો જેવા કે ફ્લોરોસન્ટ ટ્યુબ લાઇટ, ઇસ્ત્રી, ફ્રીજ, એરકન્ડીશનર, વોશીંગ મશીન, માઇક્રોવેવ ઓવન વગેરે ક્યા વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર કાર્ય કરે છે તે વિશે પ્રયોગો દ્વારા સમજાવ્યું. ડૉ. રેખાબેન પટેલે પ્રિઝમ અને પાણીમાંથી પસાર થતા પ્રકાશના માર્ગમાં થતા ફેરફારો દ્વારા પરાવર્તન, વક્રીભવન અને પૂર્ણ આંતરિક પરાવર્તનની ઘટના અને ઉર્જાના સ્રોતો સમજાવ્યા. ડૉ. પી. સી. વિનોદકુમારે ગુરુત્વાકર્ષણ, ગતિના નિયમો અને વજન વિહીન અવસ્થા કેવી રીતે બતાવી શકાય તેનું નિદર્શન કરી બતાવ્યું હતું.

આ જ કેન્દ્ર દ્વારા તા. ૭-૮-૨૦૦૬ના રોજ (આણંદ) જિલ્લા કક્ષાની ''નેશનલ સાયન્સ સેમિનાર'' સ્પર્ધા અનુસ્નાતક ભૌતિક શાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધાનો વિષય ''જૈવિક વૈવિધ્યની સાચવણીઃ સંભાવનાઓ અને નિસબત'' રાખવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં આણંદ જિલ્લાની કુલ ૨૬ શાળાઓમાંથી ૨૨ શાળાઓએ ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સ્પર્ધામાં ધો. ૮, ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ ભાગ લઇ દરેકને ૬ મિનિટની સમય મર્યાદામાં પોતાની રજૂઆત ખૂબ સુંદર રીતે કરી હતી. કેટલાંક પ્રતિયોગીઓએ ચાર્ટ, પોસ્ટર, તથા પાવર પોઇન્ટની મદદથી પોતાની રજૂઆત કરી હતી. દરેક રજૂઆત બાદ નિર્ણાયકો દ્વારા પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી, જેના ઉત્તર પ્રતિયોગીએ ૨ મિનિટમાં આપવાના હતા. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને આનંદાલય સ્કૂલના આશીર સુતાર તથા દ્વિતીય સ્થાને કસ્તુરબા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિની કુ. ખુશ્બુ બી. પટેલ તથા તૃતીય સ્થાને ડી. એન. હાઇસ્કુલના વિદ્યાર્થી શ્રીધર પી. દવેને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા આ ત્રણ વિજેતામાંથી પ્રથમ અને દ્વિતીય ક્રમે આવેલ વિજેતાને રાજ્ય કક્ષાએ ભાગ લેવા માટે ઓગસ્ટના છેલ્લા સપ્તાહમાં મોકલવામાં આવશે. જેનું આયોજન ગુજકોસ્ટ દ્વારા કરવામાં આવનાર છે. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે બાયોસાયંસ વિભાગના પ્રો. કે.સી. પટેલ તથા ડૉ. એ. એસ. રેડ્ડી અને વન વિભાગના (આણંદ)ના અધિકારી શ્રી જી. એ. બ્રહ્મભટ્ટ સાહેબે સેવા આપી હતી.

આ જ કેન્દ્ર દ્વારા તા. ૨૨-૮-૨૦૦૬ના રોજ (ખેડા) જિલ્લા કક્ષાની ''નેશનલ સાયન્સ સેમિનાર'' સ્પર્ધા ન્યુ ઇંગ્લીશ સ્કૂલ, રેલ્વે સ્ટેશન પાછળ, નડિયાદ ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધાનો વિષય ''જૈવિક વૈવિધ્યની સાચવણી : સંભાવનાઓ અને નિસબત'' રાખવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં ખેડા જિલ્લાની કુલ ૨૪ શાળાઓની એન્ટ્રમાંથી ૧૫ શાળાઓએ ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સ્પર્ધામાં ધો. ૮, ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ ભાગ લઇ દરેકને ૬ મિનિટની સમય મર્યાદામાં પોતાની રજૂઆત ખૂબ સુંદર રીતે કરી હતી. કેટલાંક પ્રતિયોગીઓએ ચાર્ટ, પોસ્ટર તથા પાવર પોઇન્ટની મદદથી પોતાની રજૂઆત કરી હતી. દરેક રજૂઆત બાદ નિર્ણાયકો દ્વારા પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. જેના ઉત્તર પ્રતિયોગીએ ૨ મિનિટમાં આપવાના હતા. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને ન્યુ ઇંગ્લીશ સ્કૂલ, નડિયાદના વિદ્યાર્થી અક્ષત કે. નરખી તથા દ્વિતીય સ્થાને ઇંગ્લીશ ટીચીંગ સ્કૂલ, નડિયાદના વિદ્યાર્થી સાગર એ. શાહ તથા તૃતીય સ્થાને બાસુંદીવાલા પબ્લિક હાઇસ્કૂલ, નડિયાદના વિદ્યાર્થી પાર્થ સૌરભભાઇ શાહને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ ત્રણ વિજેતામાંથી પ્રથમ અને દ્વિતીય ક્રમે આવેલ વિજેતાને રાજ્ય કક્ષાએ ભાગ લેવા માટે સપ્ટેમ્બરના પહેલા સપ્તાહમાં મોકલવામાં આવશે. જેનું આયોજન ગુજકોસ્ટ દ્વારા કરવામાં આવનાર છે. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે બાયોસાયન્સ વિભાગના પ્રો. કે. સી. પટેલ તથા ડૉ. એ.એસ. રેડ્ડી અને વન વિભાગ (આણંદ)ના અધિકારી શ્રી જે. એ. બ્રહ્મભટ્ટ સાહેબે સેવા આપી હતી.

## સુધારો

તા. ૧૫-૭-૨૦૦૬ના ***શીલ શ્રુતમ્***માં અંક : ૯ સળંગ અંક :૧૮૮ છપાયેલ છે, તેને બદલે અંકઃ ૧૦,૧૧,૧૨ તથા સળંગ અંક : ૧૮૯-૧૯૧ વાંચવું.

## સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા અસરગ્રસ્તોને સહાય

સરદાર પટેલ યુનિવર્સિટીએ ફાળો આપી, પૂર પીડિતોની વહારે થવાનો પ્રયાસ કર્યો છે. વડોદરા ખાતે ભાજપ કાર્યાલયમાં ૨૨૦૦ ફૂડ પેકેટ અને ૨૨૦૦ પાણીના પાઉચ, કલેકટર કાર્યાલય, આણંદ ખાતે ૧૦૭૦ ફૂડ પેકેટ અને પાણીના પાઉચ જમા કરાવી પૂર પીડિતોને પહોંચાડ્યા છે. કાર્યકારી કુલપતિ ડૉ. બી. જી. પટેલના અધ્યક્ષપદે સરદાર પટેલ યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક-બિનશૈક્ષણિક વહીવટી કર્મચારીઓની સભામાં બધા કર્મચારીઓએ પોતાનો એક દિવસનો પગાર મુખ્યમંત્રીના રાહતનિધિ કોશમાં જમા કરાવવા સંમતિ આપી દીધી છે.

## પીએચ. ડી. થયા

નુસરત નિઝામુદ્દીન કાદરીએ શિક્ષણશાસ્ત્ર વિષયમાં ડૉ. સુલભા નટરાજના માર્ગદર્શનમાં પીએચ. ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. એમનાં મહાનિબંધનો વિષય છે : Developing teacher effectiveness through preparation and tryout of multiple lesson plans for E.L.T. at the pre-service level.

સરદાર પટેલ યુનિવર્સિટીની સિન્ડિકેટમાં રાજ્ય સરકારના પ્રતિનિધિ તરીકે શ્રી જયપ્રકાશ વી. પટેલ, શ્રીમતી હંસાકુંવરબા રાજ, ડૉ. ઉમેશ આર. ડાંગરવાલા અને ડૉ. એન. વી. શાસ્ત્રીની નિમણૂંક થઇ છે. એમના અનુભવ, દર્શન(vision)નો લાભ યુનિવર્સિટીને મળતો રહે એવી આશા સહ આવકાર...

## નિમણૂંક

**એકાઉન્ટન્સીની અભ્યાસ સમિતિના અધ્યક્ષ** તરીકે **ડૉ. પી. કે. રાઠોડ,** અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગની ૨૩ સપ્ટેમ્બર ૨૦૦૬થી ૧૮ જુલાઇ ૨૦૦૮ સુધી નિમણૂંક થઇ છે. અભિનંદન !

**અર્થશાસ્ત્ર અભ્યાસ સમિતિના અધ્યક્ષ** તરીકે **ડૉ. પી. કે. સિંઘ,** અધ્યક્ષ અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગની ૧૮ સપ્ટેમ્બર ૨૦૦૬થી ત્રણ વર્ષ માટે નિમણૂંક થઇ છે. અભિનંદન !

**કેરીયર એડનાન્સમેન્ટ સ્કીમ અંતર્ગત પ્રમોશન:**

(૧) **ડૉ. એન. જે. પરમાર,** અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગ, (રીડર ડેઝીગનેશન, તા. ૨૫-૧-૨૦૦૫થી)

(૨) **ડૉ. હરેશકુમાર આર. કહેરિયા,** અનુસ્નાતક બાયોસાયન્સીસ વિભાગ, (રીડર ડેઝીગનેશન, તા. ૨૮-૧૧-૨૦૦૪થી)

**અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગના વડા** તરીકે **ડૉ. એસ. જી. દેવભાણકર**ની ૨૩ સપ્ટેમ્બર ૨૦૦૬થી ૧૧ જાન્યુઆરી ૨૦૦૭ સુધી નિમણૂંક થઇ છે. અભિનંદન !

**મેડિસીન વિદ્યાશાખાના અધ્યક્ષ** તરીકે **ડૉ. શિરીષ એચ. શ્રીવાસ્તવ,** પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદની ૧ સપ્ટેમ્બર ૨૦૦૬થી ત્રણ વર્ષ માટે નિમણૂંક થઇ છે. અભિનંદન !

---

**ડૉ. એન. વી. શાસ્ત્રી,** પ્રોફેસર અનુસ્નાતક રસાયણશાસ્ત્રનો મેજર રીસર્ચ પ્રોજેક્ટ ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ એટમિક એનર્જી, મુંબઇએ ત્રણ વર્ષ માટે મંજૂર કર્યો છે. એના આવર્તક, અનાવર્તક ખર્ચ નિમિત્તે રૂા. ૧૮,૧૧,૨૫૦/-નું અનુદાન મંજૂર કર્યું છે. ડૉ. શાસ્ત્રીના સંશોધન પ્રોજેક્ટનો વિષય છે : Microstructures of MIcelles in Mixed Systems of Amphiphilic Copolymer and Hydrocarbon Structures.

(continued from page No. 8)

everyday objects. There is no evidence of person-to-person transmission.

### Treatment

Unfortunately there is no specific treatment or preventive vaccines for and it resolves on its own with time. There are only painkillers and paracetamol prescribed for the fever. Supportive care with rest is indicated during the severe joint pain symptoms. Movement and mild exercise tend to improve stiffness of limbs, but heavy exercise is not recommended. Worse health conditions and cases of death have been reported mainly due to the inappropriate use of antibiotics and anti-inflammatory tablets. The other major cause of death is due to severe dehydration and electrolyte imbalance. Or else, recovery is the rule except for about 3 to 5% incidence of prolonged arthritis where the pain in the joints can persist for long after the other symptoms have disappeared. Certain cases have also been reported of signs and symptoms of articular disease prolonged for 1-3 years. In unresolved arthritic conditions, aspirin and nonsteroidal antiinflammatory drugs, chloroquine phosphate (250 mg/day) has been reported to give promising results.

### Prevention

Widespread poverty, year-round tropical climate, environmental disturbance due to natural disaster and lack of public health infrastructure are all factors that promote uncontrolled mosquito breeding and are conducive to outbreaks of chikungunya or other mosquito-borne diseases.

Mosquito control is the main solution towards prevention. Close to habitation, mosquitoes multiply in collections of stagnant water, mostly in artificial containers. To control the mosquitoes, their breeding sites must be removed, destroyed, protected, frequently emptied and cleaned, or treated with insecticides. During epidemics, insecticides are also often applied as space sprays to kill the adult mosquitoes. Mosquito repellent based on a 30% DEET concentration is recommended.

**Compiled by Hema Anto**
*Department of Biosciences*

## Chikungunya – A Human Disease Spread through Mosquito

Chikungunya is a relatively rare form of viral fever caused by a virus that is spread by mosquito bites. It was first described in Tanzania in 1952 and has since been found in Africa, India and South East Asia. It primarily occurs in tropical areas of the world. Since its first isolation in Calcutta, in 1963, there have been several reports of chikungunya infection in different parts of India. Chikungunya is not considered to be fatal and resembles dengue fever. However in 2005-2006, death cases have been reported associated with chikungunya spread in certain places of world.

**Detection**

Mosquito bites mainly during the daytime, particularly in the early hours after dawn and for 2-3 hours before darkness. The time between the bite of a mosquito carrying chikungunya virus and the start of symptoms ranges from 1 to 12 days. Chikungunya is diagnosed by blood tests. Since the clinical appearance of both chikungunya and dengue are similar, laboratory confirmation is important, especially in areas where dengue is present.

**Symptoms**

The symptoms of Chikungunya include fever which can reach 102-103 °F, rashes on the limbs and arthritis affecting joints typically in the knee and ankle. There can also be headache, conjunctival infection, dermatological manifestations and slight photophobia. Fever typically lasts for two days and abruptly comes down, however joint pain, intense headache, and sleeplessness lasts for a variable period, usually for about 5 to 7 days. The severity of the pain interferes with sleeping, walking or grasping

(continue on page No. 7)


## Subscribe Today

**Annual**

Students : Rs.10.00
Others : Rs.15.00
Institutions : Rs.100.00

**Life**

Faculty & Staff : Rs.200.00
Institutions & Individuals : Rs.500.00

**Lifetime Subscription in Foreign Exchange:**

US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120


## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.**

**Email: sheelshrutam@spu.ernet.in**

Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :

The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120 Gujarat India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.